

# વડીલોને વંદન અભિનંદન

## આજે જન્મદિવસ



ચંદ્રવદન ગોવિંદલાલ પરીખ (૧૯૩૦) ફોન : ૨૩૨૨૪૫૩૩



વી.એમ.ઠક્કર (૧૯૪૧) મો. ૯૮૯૮૦૨૧૭૨૯



લલિતાબેન પ્રેમશંકર ભટ્ટ (૧૯૩૩) ફોન : ૨૩૨૬૦૨૪૭

## ગ્રીનસીટી વાવોલમાં શિવકથાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામે આવેલી ગ્રીનસીટી ખાતે આજે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે શિવકથાનો પ્રારંભ થશે. જેમાં હરિભક્તો ખાસ ઉપસ્થિત રહેશે.

આજે તા. ૨૩મી મે-૨૦૧૨ને બુધવારે ગ્રીનસીટી વાવોલમાં યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે શિવકથાનો પ્રારંભ ૮ કલાકે થશે. કથા પ્રારંભ પહેલા ઈ-૯ થી પોથીયાત્રા નિકળશે. જે ગ્રીનસીટી મેદાનમાં પહોંચશે. ગ્રીનસીટી મેદાનમાં સંજયભારતી ગોસ્વામીના સાનિધ્યમાં શિવકથાનો પ્રારંભ થશે. દરેક ધાર્મિક જનતાને કથામાં ભાગ લેવા પધારવા આયોજકો દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## જાતિ પરિક્ષણ પ્રતિબંધ અંગે રાજ્ય સલાહકાર સમિતિ રચાઈ

ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય સરકાર જાતિ પરિક્ષણ પ્રતિબંધ એક્ટને વધુ અસરકારક બનાવવા કટિબધ્ધ છે. રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તાજેતરમાં રાજ્યકક્ષાએ જાતિ પરિક્ષણ પ્રતિબંધ અંગે રાજ્ય સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે.


આ સમિતિના ચેરપર્સન તરીકે ફેડરેશન ઓફ રેડિયોલોજિસ્ટ સોસાયટીના પ્રમુખ રહેશે. જ્યારે અન્ય સભ્યોમાં બી.જે. મેડિકલ કોલેજ અમદાવાદના ગાયનેકોલોજિસ્ટ એન્ડ ઓબ્સ્ટેટ્રિસીઅન, પિડિયાટ્રિક્સ, રેડિયોલોજીના પ્રોફેસર એન્ડ હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ, કાયદા વિભાગના સંયુક્ત સચિવ (જ્યુડિસિયરી) શ્રી વી. એસ.દવે, માહિતી ખાતાના સંયુક્ત માહિતી નિયામક શ્રી અરવિંદભાઈ પટેલ, ધારાસભ્ય શ્રીમતી ડૉ. માયાબેન કોડનાની અને ફેડરેશન ઓફ ગાયનેકોલોજિસ્ટ એન્ડ ઓબ્સ્ટેટ્રિસીઅન સોસાયટીના પ્રમુખનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના જાહેરનામામાં જણાવાયું છે.

## પાટણના રાધનપુર ખાતેના કેઈર્ન એનર્જી ઈન્ડિયા પ્રા. લિ. અને મંગલા ડેવલપમેન્ટ પાઈપલાઈન પ્રોજેક્ટ આસપાસનો વિસ્તાર પ્રતિબંધિત જાહેર

પાટણ, તા. ૨૨

રાજ્ય સરકારે સંભવિત ભાંગફોડ અને અસામાજિક પ્રવૃત્તિને અટકાવવાના પગલારૂપે સુરક્ષાના કારણસર પાટણના રાધનપુર ખાતેના કેઈર્ન એનર્જી ઈન્ડિયા પ્રાઈવેટ લિ., રાધનપુર ટર્મીનલ અને મંગલા ડેવલપમેન્ટ પાઈપલાઈન પ્રોજેક્ટ આસપાસના નિર્દિષ્ટ સરવે નંબરનો ૩૪૯૯૯ ચો.મી. વિસ્તાર જાહેરનામા દ્વારા પ્રતિબંધિત જાહેર કર્યો છે. આ જાહેરનામામાંથી પોલીસ, લશ્કરની ત્રણેય પાંખના જવાનો તેમજ આ વિસ્તારમાં સેવા બજાવતા કર્મચારીઓ અને ન્યાયાધિશોને મુક્તિ આપવામાં આવી છે.

## શબ્દાવલી - ૪૭૩૭



**આડી ચાવી**

૧. સરખુ, પ્રતિસ્પર્ધી (૫)
૫. વેરો, લાગો (૨)
૭. જગ્યા, માગ, એક નામ (૩)
૮. ઝગમગાટવાળુ (૪)
૧૦. નાના લાકડાઓનો સમુહ બાંધેલો હોય તે (૨)
૧૨. કમાવું, મહેનત મજુરી કરવી (૩)
૧૩. પેન, લેખણ (૩)
૧૫. વજન (૨)
૧૬. બંદૂક કે તોપના દારૂને સળગાવવાનો કાકડો કે પલીતો (૪)
૧૭. અંજનીસૂત, પવનપુત્ર (૪)
૨૧. રમત, ....રમતુ ગમતુ જેવો અર્થ (૪)
૨૨. કાતવું, કાતવા કહેવું (૨)
૨૩. મુસળ, ખાંડવાનું એક સાધન (૩)
૨૪. ફટકડી (૪)

**ઊભી ચાવી**

૧. સમાનભાવ (૪)
૨. મોતીયો, એક ફૂલનું નામ (૩)
૩. રાન, જંગલ (૨)
૪. ઉપયોગનું અંગ્રેજી (૨)
૫. પંકજ, એક ફુલ (૩)
૬. કોઈ વાત મનાવવા સતત કહ્યા કરવું (૩)
૯. ફળનો માવો, ફળનો ગર્ભ (૨)
૧૧. ઠંડીમાં ઓઢવાનું વસ્ત્ર (૨)
૧૩. મુરઝાયેલું (૫)
૧૪. આનંદ, ફન (૨)
૧૫. સૂર્ય, ભાસ્કર (૨)
૧૭. ક્ષુલ્લક, શુદ્ર (૪)
૧૮. દુઃખ, દર્દ (૨)
૧૯. પધ્ધતિસર (૪)
૨૦. પાણીમાં નાવ ચલાવવા.... જોઈએ (૩)
૨૨. એક ધાતુ (૨)

### શબ્દાવલી ૪૭૩૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) સરગવો (૪) જાલીમ (૬) રસદાર (૭) વાડજ (૮) તાલ (૯) અસવાર (૧૨) માણ (૧૩) એકાએક (૧૬) કારગત (૧૮) દાણ (૧૯) લગડી

**ઊભી ચાવી :-** (૧) સલવાર (૨) ગરજ (૩) વોસ (૪) મર (૫) મજાલ (૮) તારણ (૯) અનુકરણ (૧૦) વામા (૧૧) લ્હેકા (૧૩) એરણ (૧૪) એકાદા (૧૫) સગડી (૧૭) તલ



ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્વારા નિયુક્ત થયેલા મુંબઈ હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી પ્રદીપકુમાર ભદ્રાયુલાલ મજમુદારને ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ શ્રી ભાસ્કર ભટ્ટાચાર્યજીએ હોદ્દાના શપથ લેવડાવ્યા હતા. રાજ્યના કાયદા મંત્રી દિલીપભાઈ સંઘાણી, કાયદા રાજ્ય મંત્રી પ્રદીપસિંહજી જાડેજા ઉપસ્થિત રહ્યા હતા અને તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# નર્મદા પાણી વિતરણ કારોબાર ખેડૂત મંડળીને સોંપાશે : મોદી

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કૃષિ મહોત્સવ અભિયાનમાં ખેડૂતો સાથે સાંધ્ય વાર્તાલાપ વિડીયો કોન્ફરન્સ કરવાના ઉપક્રમમાં આજેજાહેર કર્યું હતું કે, નર્મદા યોજનાના પાણીના વિતરણનો આખો વહીવટ ગામો ગામ ૫૦૦૦ જેટલી ખેડૂતોની પીયત સહકારી મંડળીઓને સોંપવાનો નિર્ણય કર્યો છે. જેમ ગુજરાતના કિસાનોએ જળસંચયનું જનભાગીદારીથી અભિયાન પાર પાડ્યું અને નર્મદા યોજના માટે સામે ચાલીને ૪૦૦૦૦ હેક્ટર જમીન સોંપી દીધી, એમ હવે નર્મદાના પાણીના વિતરણને કારોબાર પણ ગામોગામ પીયત સહકારી મંડળીઓને ખેડૂતો ઉપાડી લે તેવું આહવાન તેમણે કર્યું હતું.

વર્ષોથી નર્મદા યોજના માટે ૪૦-૪૦ વર્ષો સુધી સપના સાકાર કરવાની માળા યપતી બે પેઢી ખપી ગઈ પરંતુ અય.અત્યારે પણ કેન્દ્ર સરકાર સરોવર ડેમની ૧૩૮ મીટર ઊંચાઈ કરવા દરવાજા મુકવાની પરવાનગી નથી મળતી. ૧૨૧.૯૨ મીટરના ડેમની ઊંચાઈ આપણે પૂરી કરી પણ હજુ તો ૨૭ ટકા નર્મદાના પાણીની ક્ષમતા જ આ ૧૩૮ મીટર ડેમના દરવાજા નહીં થતા ઉપલબ્ધ છે તેમ જણાવી મુખ્યમંત્રીએ નર્મદા યોજના આડે આવનાર ગુજરાત વિરોધી, નર્મદા વિરોધી લોકો ગુજરાત વિકાસમાં આગળ નીકળી જાય તેવી ઈર્ષા અને ગુજરાત પ્રત્યેના વિરોધથી નર્મદા યોજના પુરી કરવા વિઘ્નો ઉભા કરતા જ રહ્યા છે એની ભૂમિકા આપી હતી.

# સીપીએડ તાલીમી યુવાનોને ટેટની પરીક્ષા માટે લાયક ન ગણવાનો નિર્ણય કેન્દ્ર સરકારનો છે

ગાંધીનગર, તા. ૨૨

તાજેતરમાં સીપીએડ પાસ ઉમેદવારોને ટેટમાં બહાર રાખવાનો નિર્ણય કેન્દ્ર સરકારના નિયમોને આધીન કરવો પડ્યો છે તેનો વિરોધ કરતા વિદ્યાર્થીઓના ધ્યાન ઉપર સાચી હકીકત મૂકવાના આશયથી શિક્ષણ મંત્રી શ્રી રમણલાલ વોરાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, ધોરણ-૮ નો પ્રાયમરીમાં સમાવેશ કરવો, ટેટની પરીક્ષા લેવી એ તેમાં સીપીએડ શિક્ષકોને બાકાત રાખવા આ તમામ નિર્ણયો કેન્દ્ર સરકારના અને NCTE ના છે, અને તેનું પાલન કરવા રાજય સરકાર કાયદાકીય રીતે બંધાયેલ હોવાથી મને કમને પણ તેનો અમલ કરવો પડે છે. NCTE એ પોતાના તા. ૨૩-૮-૨૦૧૦ ના જાહેરનામાંથી પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકોની લાયકાત નક્કી કરેલ છે તેમાં બીપીએડ, સીપીએડ, અને ડીપીએડ ની લાયકાત માન્ય રાખેલ નથી.

રાજય સરકારે પોતાના તા. ૨૭-૪-૨૦૧૧ ના ભરતી નિયમોમાં સીપીએડ ને લોઅર પ્રાયમરીના શિક્ષકોની લાયકાત તરીકે માન્ય રાખેલ પરંતુ NCTE એ તેમના તા. ૧૯-૯-૧૧ ના પત્રથી દરેક રાજયને જણાવેલ છે કે શિક્ષકોની લાયકાતના નવા નિયમો RTE હેઠળ આવરી લેવામાં આવેલ છે. તેથી જૂની મંજૂરી પ્રમાણે સીપીએડને હાલનાં સ્તરે માન્યતા આપવાની થતી નથી. ત્યારબાદ NCTE ના ૮-૫-૨૦૧૨ ના પત્રથી યુ.પી.ની રાજય સરકારને જાણ કરેલ કે, NCTE એ સીપીએડને શિક્ષકની લાયકાત તરીકે માન્ય ન રાખવાનો નિર્ણય કરેલ છે. તે પહેલાં ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રી શ્રી કપિલ સિબ્બલે તેમની કેબિનેટના બીજા મંત્રી શ્રી અજિતસિંહને તા. ૫-૧-૨૦૧૨ ના પત્રથી જાણ કરી હતી કે સીપીએડની લાયકાત ફક્ત શારીરિક શિક્ષકો માટેની લાયકાત છે - વિષય શિક્ષક તરીકેની લાયકાત નથી.

આ રીતે NCTE એ સીપીએડને શિક્ષકની લાયકાત તરીકે માન્યતા આપેલ ન હોવાથી રાજય સરકારે પોતાની ભરતી નિયમોમાંથી તેને બાકાત રાખવાની ફરજ પડી છે. આ નિર્ણય ભારત સરકારને અને NCTE નો છે. રાજય સરકારને તેની સાથે કાંઈ લેવા દેવા નથી. પરંતુ આ નિયમને અનુસરવાની રાજય સરકારની કાયદાકીય ફરજ બની રહે છે. તેથી રાજય સરકાર તેનું પાલન કરવા બંધાયેલ છે.

# ટેટમાંથી સીપીએડ શિક્ષકોને બાકાતનો નિર્ણય કેન્દ્રનો છે

અમદાવાદ, તા. ૨૨

તાજેતરમાં સીપીએડ પાસ ઉમેદવારોને ટેટમાંથી બહાર રાખવાનો નિર્ણય કેન્દ્ર સરકારના નિયમોને આધિન કરવો પડ્યો છે તેનો વિરોધ કરતા વિદ્યાર્થીઓના ધ્યાન ઉપર સાચી હકીકત મૂકવાના આશયથી શિક્ષણ મંત્રી રમણલાલ વોરાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, ધોરણ-૮નો પ્રાયમરીમાં સમાવેશ કરવો, ટેટની પરીક્ષા લેવી અને તેમાં સીપીએડ શિક્ષકોને બાકાત રાખવા આ તમામ નિર્ણયો કેન્દ્ર સરકારના અને એનસીટીઈના છે, અને તેનું પાલન કરવા રાજ્ય સરકાર કાયદાકીય રીતે બંધાયેલા હોવાથી મને કમને પણ તેનો અમલ કરવો પડે છે. એનસીટીઈ એ પોતાના તા. ૨૩.૮.૨૦૧૦ના જાહેરનામાંથી પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકોની લાયકાત નક્કી કરેલ છે તેમાં બીપીએડ, સીપીએડ, અને ડીપીએડની લાયકાત માન્ય રાખેલ નથી.

રાજ્ય સરકારે પોતાના તા. ૨૭.૪.૨૦૧૧ના ભરતી નિયમોમાં સીપીએડ ને લોઅર પ્રાયમરીના શિક્ષકોની લાયકાત તરીકે માન્ય રાખેલ પરંતુ એનસીટીઈએ તેમના તા. ૧૯.૯.૨૦૧૧ના પત્રથી દરેક રાજ્યને જણાવેલ છે કે શિક્ષકોની લાયકાતા નવા નિયમો આરટીઈ હેઠળ આવરી લેવામાં આવેલા છે તેથી જુની મંજૂરી પ્રમાણે સીપીએડને હાલના સ્તરે માન્યતા આપવાની થતી નથી. ત્યારબાદ એનસીટીઈના ૮.૫.૨૦૧૨ના પત્રથી યુપીની રાજ્ય સરકારને જાણ કરેલ કે એનસીટીઈએ સીપીએડને શિક્ષકની લાયકાત તરીકે માન્ય ન રાખવાનો નિર્ણય કરેલ છે. તે પહેલા ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રી કપીલ સીબ્બલે તેયની કેબીનેટના બીજા મંત્રી અજીતસિંહને તા.૫.૧.૨૦૧૨ના પત્રથી જાણ કરી હતી કે સીપીએડની લાયકાત ફક્ત શારીરીક શિક્ષકો માટેની લાયકાત છે વિષય શિક્ષક તરીકેની લાયકાત નથી.

# પરિણામ સમયસર છતાં પણ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા મોડી

અમદાવાદ, તા. ૨૨

ચાલુ વર્ષે ધો. ૧૨ના પરિણામ ભલે સમયસર આવી ગયા હોય પરંતુ આ વખતે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા મોડી શરુ થશે. કુલપતિ કહે છે કે સેમીસ્ટર સિસ્ટમને કારણે પ્રવેશ પ્રક્રિયા મોડી શરુ થશે. જ્યારે બીજીબાજુ આચાર્યો કહે છે કે યુનિવર્સિટીના આયોજનમાં ખામી છે.

બોર્ડ દ્વારા ધો-૧૨ના પરિણામ સમયસર જાહેર થાય તેવા તમામ પ્રયાસ કરાઈ રહ્યા છે. જેમાં સફળતા પણ સાંપડી છે પરંતુ ધો. ૧૨ પછીના અભ્યાસક્રમો ચલાવતી ગુજ. યુનિ. સંલગ્ન આર્ટ્સ, કોમર્સ અને સાયન્સની કોલેજોમાં ચાલુ વર્ષે પ્રવેશ પ્રક્રિયા મોડી શરુ થશે. ગતવર્ષે મે માસમાં પ્રવેશ પ્રક્રિયા શરુ થઈ ગઈ હતી. આ વખતે તમામ પ્રવેશ પ્રક્રિયા જૂનમાં શરુ થશે. પ્રવેશ પ્રક્રિયા મોડી શરુ થવાની ઓછી ટકાવારીવાળા વિદ્યાર્થીઓ બહારની અથવા ડીમડ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી લેશે. પરિણામે ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ બન્ને કોલેજોને ફટકો પડશે. આમા ખાનગી કોલેજોની હાલત વધુ કફોડી બનશે. આ અંગે કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદીને જણાવ્યું હતું કે ચાલુવર્ષે સેમીસ્ટર પદ્ધતિને કારણે પ્રવેશ પ્રક્રિયા માડી શરુ થઈ રહી છે. આગામી વર્ષે પ્રવેશ પ્રક્રિયા સમયસર શરુ થઈ શકશે.

## બેંકોમાં ડીપોઝીટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ ૬૦ ટકા જેટલા લક્ષ્યાંકો સુધી તંત્ર પહોંચી ચુક્યું છે. આ સૂત્રોએ જણાવ્યું છે કે ગ્રાહકલક્ષી અભિગમમાં બદલાવને કારણે પણ બેંકોની ડિપોઝીટમાં વધારો થયો હોવાનું એક કારણ લેખી શકાય.

મળતી વિગતો મુજબ ધિરાણ દરમાં રિઝર્વ બેંક દ્વારા થયેલા બદલાવોને કારણે ધિરાણ લેનારાઓની સંખ્યા ઘટી છે. આ ઉપરાંત ધિરાણ માટે ગાંધીનગર જિલ્લામાં નબળો ઔદ્યોગિક વિકાસ પણ જવાબદાર લેખી શકાય. જો કે ગાંધીનગર જિલ્લામાં સર્વીસીઝ સેક્ટરોનો વિકાસ થયો છે જેની સામે ઔદ્યોગિક એકમોની સંખ્યા ઘણી ઓછી છે.

બેંકિંગ ક્ષેત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૨૧૦-૧૧ની તુલનામાં ૨૦૧૧-૧૨માં જે ડિપોઝીટ વધી છે તેની પાછળ બચતનો અભિગમ પણ જવાબદાર લેખી શકાય એટલુ જ નહિ પરંતુ આર્થિક ક્ષેત્રે પ્રવર્તી રહેલી આછી-પાતળી મંદી અને મોંઘવારીને કારણે લોકો ખરીદીમાં ઘટાડો કરી બચતને અગ્રતા આપી રહ્યા છે.

# સમાચાર ઝલક

- આંધ્રમાં રેલ્વે અકસ્માત ૧૫નાં મોત, અનેક ઘાયલ, મૃતકોને પાંચ લાખની મહેર, રેલ્વે પ્રધાન ઘટના સ્થળે.
- યુ.પી.એ. ને ત્રણ વર્ષ પૂર્ણ થતાં ડિનર પાર્ટી યોજાઇ : મમતા, કરૂણાનીધિ હાજર રહેશે નહિ.
- ૨૫મી જુલાઇએ અણ્ણા હજારેની ટીમનો અનશન કાર્યક્રમ : લોકપાલ બિલના સમર્થનમાં.
- રાષ્ટ્રપતિના ઉમેદવાર માટે લોકસભાના અધ્યક્ષ શ્રીમતી મીરાકુમારી માટે મમતાની રજૂઆત.
- આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો ખરો પણ દાખલા મેળવવા ફી ચુકવવી પડશે, જે અગાઉ ચુકવવી પડતી નહોતી.
- મોદીને સર્વાધિક, લોકપ્રિય નેતા તરીકે સર્વેમાં જાહેર થતાં ભાજપ ગેલમાં.
- અભિનેત્રી શિલ્પા શેટ્ટીએ દીકરાને જન્મ આપ્યો.
- ભારતમાં ૬૬ ટકા ગર્ભપાત અસુરક્ષિત : વિશ્વ આરોગ્ય સંસ્થાનો અહેવાલ.
- પાકિસ્તાનમાં હિન્દુ મંદિરમાં તોડફોડ : ગોરખનાથના ફોટા તોડ્યા, શિવલિંગને નુકશાન.
- યમનમાં ભીષણ આત્મઘાતી હુમલો : ૯૬નાં મોત.
- ચાનો કપ મોંઘો બનશે : કિલોએ રૂા. ૧૦ નો વધારો.
- હવે પેટ્રોપપંપ પર હવા ભરવાના નાણાં ચૂકવવા પડશે એ દિવસો દૂર નથી.
- ફિક્સ, વીમા, પ્રોવીડન્ડ ફંડમાં રૂા. ૨૨૦૧૬ કરોડનું કોઇ દાવેદાર નથી.
- સંસદસભ્ય શ્રી રાહુલ રાજીવ ગાંધીએ ૩ વર્ષમાં ફક્ત ૧ પ્રશ્ન પૂછ્યો.
- સામ પિત્રોડાને ન્યૂયોર્ક યુનિવર્સિટી પોલીટેકનિક ઇન્સ્ટીટયુટે ડોક્ટરની માનદ્ પદવીથી નવાજ્યા.
- મોબાઇલની કમાલ! મોબાઇલે તો સેક્સને પણ પછડાટ આપી : તાજેતરમાં થયેલાં સર્વેનું તારણ.
- રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા દેવીસિંહ પાટીલ અત્યાર સુધી ૨૭ ગુનેગારોની ફાંસીની સજાને માફ કરી છે : અફઝલ ગુરૂની અરજી પ્રતિક્ષામાં.
- ખન્ના બંધુઓ બીમાર : રાજેશ ખન્ના અને વિનોદ ખન્ના બિમારી સામે ઝઝૂમી રહ્યા છે.

# કંપની સમાચાર

## કૉલેજ ઓફ ફાયર ટેકનોલોજીના બી.એસસી. અભ્યાસક્રમમાં પ્રવેશનો આરંભ

ભારતમાં ફાયરના ક્ષેત્રમાં યુનિવર્સિટીની ડિગ્રી આપતી એકમાત્ર સંસ્થા કોલેજ ઓફ ફાયર ટેકનોલોજીએ તાજેતરમાં તેની સ્થાપનાના ૧૧ વર્ષ સફળતાપૂર્વક પૂરા કર્યા છે. અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ખોડા ગામે આવેલી કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી (સીએફટી)માં ધોરણ-૧૨ (સાયન્સ) પછી બી.એસસી. (ફાયર એન્ડ સેફટી)ના ત્રણ વર્ષના અભ્યાસક્રમ માટેના પ્રવેશનો આરંભ થયો છે. આ અભ્યાસક્રમમાં ત્રણ વર્ષ બાદ ગુજરાત યુનિવર્સિટીની બી.એસસી. (ફાયર એન્ડ સેફટી)ની ડિગ્રી આપવામાં આવે છે. રોજગારીની અમર્યાદ તકો ધરાવતા આ કોર્સે ૧૦૦ ટકા પ્લેસમેન્ટને કારણે વિદ્યાર્થીઓમાં આકર્ષણ જમાવ્યું છે.

અગ્નિશમન ક્ષેત્રે આ ઉદ્યોગનું કદ અંદાજે રૂા. ૪૦,૦૦૦ કરોડ સુધી પહોંચી ગયું છે. આને કારણે અગ્નિશામનની તાલીમ પામેલા યુવાનો માટેની તકો ઘણી વધી ગઈ છે. આગ, અકસ્માતથી થયેલા નુકશાનનો અંદાજ મેળવવા તજજ્ઞોની જરૂર પડે છે. ભારતમાં સંરક્ષણ, રેલ્વે, એરપોર્ટ, પેટ્રોકેમીકલ્સ સંકુલો, ઓઈલ કંપનીઓ, ઓ.એન.જી.સી. કેન્દ્રીય ઈન્ડસ્ટ્રીયલ ફોર્સ વગેરેમાં અગ્નિશમનની પદવી ધરાવતા યુવાનોને આકર્ષક પગારથી નોકરી મળી શકે છે. ફાયર ટેકનોલોજી ક્ષેત્રે શિક્ષણ મેળવ્યું હોય તેવા યુવા મિત્રો કેટલાક ક્ષેત્રે રોજગારી મેળવી શકે છે. તેમાં પણ ફાયર સર્વેયર તરીકે ફાયર કન્સલટન્સી, પેટ્રોલિયમ કંપનીઓની લાયઝન ઓફિસર, ફાયર ફાઈટીંગ ઉપકરણોનાં ઉત્પાદન ક્ષેત્રે પણ પ્રેકટીસ કરીને વિપુલ આવક ઉભી કરી શકાય છે.

## બેસ્ટ ગારમેન્ટ કન્સ્ટ્રકશન માટે ઉષા એનઆઈએફટી એવોર્ડ

ઉષા ઈન્ટરનેશનલ લિમિટેડ છેલ્લાં ૭૫ વર્ષથી ઉષા સીવણ મશીન્સ અને સીવણ તથા ડિઝાઈનનું માર્કેટિંગ કરે છે. ઉષા પ્રતિભાનું સન્માન કરવામાં માને છે. કંપનીએ પ્રતિભાશાળી ડિઝાઈનરોની કદર કરવા, તેમનું સન્માન કરવા અને પ્રોત્સાહન આપવા અગ્રણી ફેશન ઈન્સ્ટિટ્યૂટ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી (નિફટ) સાથે જોડાણ કર્યું છે .આ વર્ષે ઉષા- નિફટ એવોર્ડ ફોર બેસ્ટ ગારમેન્ટ કન્સ્ટ્રકશન શ્રી અમલ ક્રિષ્નાને તેના કલેકશન માટે એનાયત કરવામાં આવ્યો છે. ઉષા -નિફટ એવોર્ડમાં રૂા. ૧૦,૦૦૦નો રોકડ એવોર્ડ, ઉષા જેનોમ ઓટોમેટિક ઝીંગ ઝેગ મશીન, ટ્રોફી અને સિટેશન સર્ટિફીકેટનો સમાવેશ થાય છે. ઉષા- નિફટ એવોર્ડ ફોર બેસ્ટ ગારમેન્ટ કન્સ્ટ્રકશનની સ્થાપના ૧૯૯૮માં થઈ હતી. ઉષા ઈન્ટરનેશનલ દ્વારા સ્થાપિત આ એવોર્ડ હાલમાં નિફટના ૧૦ સેન્ટર દ્વારા આપવામાં આવે છે, જેમાં ગાંધીનગર, નવી દિલ્હી, મુંબઈ, કોલકતા, બેંગલોર, હૈદરાબાદ, રાયબરેલી, શિલોંગ અને પટણાનો સમાવેશ થાય છે.

ઉષા ૧૯૩૬થી સીવણ મશીનના માર્કેટિંગ સાથે સંકળાયેલી છે. ઉષા રેન્જના સીવણ મશીનોમાં સ્ટ્રેઈટ સ્ટીચ મશીન્સ, ડોમેસ્ટીક ઈન્ડસ્ટ્રીયલ મશીન્સ અને આયાતી હાઈ સ્પીડ ઈન્ડસ્ટ્રીયલ ગારમેન્ટ મશીન્સનો સમાવેશ થાય છે.

## ગ્રાહકો અને ટ્રાન્સપોર્ટરો નજીકથી કાર્યક્ષમતા અને પર્ફોરમન્સ બતાવવા ભારતબેન્ઝનું અમદાવાદમાં આગમન

દુનિયાની અગ્રણી ટ્રક ઉત્પાદન કંપની ડેમલરની ભારતીય પેટા કંપની ડેમલર ઈન્ડિયા કોમર્શિયલ વ્હીકલ (ડીઆઈસીવી) દ્વારા લાલઝંડી આપીને ચેન્નાઈથી નિકળેલી ભારતબેન્ઝ પાવર યાત્રા તેના છઠ્ઠા મુકામ તરીકે ૮૦૦૦ કિ.મી.નો રસ્તો કાપીને વડોદરા આવી પહોંચી છે. ભારતબેન્ઝ સૌ પ્રથમ વાર બજારમાં રજૂ કરવામાં આવી છે.

ગુજરાતમાં ભારતબેન્ઝની બે ડીલરશીપ છે - અમદાવાદમાં કટારિયા ટ્રકીંગ અને રાજકોટમાં સીલેન્ડ ટ્રકીંગ. ડીઆઈસીવી રિટેઈલ ઓટોમોબાઈલ અંગેનું જ્ઞાન ધરાવતા ડીલર સાથે મળીને ૭૦ સ્થળોએ દેશ વ્યાપી રિટેઈલ નેટવર્ક સ્થાપ્યું છે. આ વર્ષના અંત સુધીમાં આ નેટવર્ક ૮૮ સ્થળો દ્વારા ઉદ્યોગના કુલ જથ્થામાંથી ૮૦ ટકાને આવરી લેશે. વર્ષ ૨૦૧૪ના અંતે ડીઆઈસીવી ૧૦૦ સ્થળોએ નેટવર્ક સ્થાપવાનું આયોજન ધરાવે છે.